ગાંધીનગર સમાચાર
તા. ૧૭-૨-૨૦૧૨, રવિવાર

તંત્રી સ્થાનેથી.....

રૂડો જુઓ આ ઋતુરાજ આવ્યો

વસંતને આપણો કવિ ઋતુરાજ કહી બિરદાવે છે. પણ દલપતરામ કહે છે એમ આ ઋતુરાજ કેવળ વનમાં જ મુકામ જમાવે છે, એવું વિધાન કરવાથી વસંતને અન્યાય જ થશે. વસંત ફક્ત વન કે વૃંદાવનમાં જ નહીં, જન જનના મનમાં પણ મુકામ જમાવે છે. એ તો ચૈતન્યનો પર્યાય છે એટલે માણસ જેટલી જ એ પ્રકૃતિ પ્રત્યે પણ સંવેદનશીલ છે. વસંતમાં પંખીઓ કિલકારી ઊઠે છે, પ્રાણીઓ ઉલ્લાસ અનુભવે છે અને વૃક્ષો નવા શણગાર સજે છે. વસંત એટલે ઉન્માદ. વસંત એટલે ઉલ્લાસ. વસંત પ્રેમની ઋતુ છે, કામદેવ એનો અધિષ્ઠાતા દેવ છે તો સામે અખંડ બ્રહ્મચારિણી સરસ્વતી એની અધિષ્ઠાતી દેવી છે! ભગવાન કૃષ્ણ એમના વિભૂતિ સ્વરૂપની વ્યાખ્યા કરતાં કહે છે : ઋતુનાં કુસુમાકરઃ। હું ઋતુઓમાં વસંતઋતુ છું.

વસંતપંચમી એ હિંદુસ્તાનનો વણલખ્યો 'વેલેન્ટાઈન ડે' લગ્ન કે અન્ય કોઈ પણ શુભ કાર્ય માટે એ સદાસર્વદા - સર્વકાલીન - વણજોયેલું શુભમૂહૂર્ત ગણાય છે. આપણા કવિને મનમયૂર કોળી ઊઠે છે અને એ ગાઈ ઊઠે છે : કોકિલ, પંચમ બોલ બોલો

કે પંચમી આવી વસંતની... (ઉમાશંકર)

લક્ષ્મીપૂજામાં ગળાબૂડ રહેતા ગુજરાતીઓને આ 'સરસ્વતી પૂજા' ના પર્વના મર્મની બહુ માહિતી ન હોય તે સમજી શકાય એમ છે. વસંત પંચમી એ વિદ્યાની અધિષ્ઠાત્રી દેવી શારદાનો જન્મદિવસ છે, સરસ્વતીનું પ્રાગટ્ય પર્વ છે. મહાલક્ષ્મી અને મહાકાલી જેટલો જ મહાસરસ્વતીનો પણ મહિમા છે. ત્રિદેવમાં જેમ બ્રહ્મા હાંસિયે ધકેલાઈ ગયા છે એમ આ સરસ્વતી પણ 'તીન દેવિયાં' પૈકી સૌથી અળખામણી બની ગઈ છે. પરંતુ એકવીસમી સદીને જો જ્ઞાનની સદી ગણવામાં આવતી હોય તો સરસ્વતી તો જ્ઞાનની દેવી છે. વસંત પંચમી એ અર્થમાં જ્ઞાનપંચમી પણ ગણાય. ગંગા-યમુનાના મેદાની પ્રદેશોમાં - સવિશેષ પૂર્વાંચલમાં 'સરસ્વતી પૂજા' એ મસમોટું લોકપર્વ છે. ગુજરાતમાં જે મહિમા નવરાત્રીનો છે તે બિહારમાં સરસ્વતી પૂજાનો છે; બંગાલમાં સરસ્વતી પૂજા પણ થાય છે અને કાલીપૂજા તો એ પ્રદેશની ઓળખ જ બની રહી છે. આપણે લક્ષ્મીપૂજા કરનારી પ્રજા, એની વસંતનો ઉલ્લાસ માણવાનો ચૂકી જઈએ તે બનવાજોગ. પરંતુ જે સરસ્વતી પ્રયાગરાજમાં ગુપ્ત કે લુપ્ત રીતે વહે છે એ આપણા ગુજરાતમાં પ્રગટપણે આજપર્યંત અકબંધ છે. હેમચંદ્રાચાર્યનું બહુમાન એમનાં 'સિધ્ધહેમ શબ્દાનુંશાસન' ગ્રંથને હાથીની અંબાડી પર બિરાજમાન કરી નગરયાત્રા કાઢીને કરાયેલું તે ગુજરાતની નવી પેઢી જ્ઞાનની અને વિદ્યાની અધિષ્ઠાતી દેવી સરસ્વતીના પ્રાગટ્ય પર્વ તરીકે વસંતનાં વધામણાં કરતી થાય તે જરૂરી છે.

ગાંધીનગર જિલ્લાની શાળાઓના વિદ્યાર્થીઓ દ્વારા ઊર્જા જનજાગૃતિ રેલી યોજાશે

ગાંધીનગર, તા. ૧૬

નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા દર વર્ષે ઊર્જા સંરક્ષણ દિનની ઉજવણી કરવામાં આવે છે. આ વર્ષે ગુજરાત ઊર્જા વિકાસ એજન્સી (જેડા) ગાંધીનગરના ઉપક્રમે નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા ગાંધીનગર જિલ્લાની ૨૦૧ શાળાઓનાં વિદ્યાર્થીઓ દ્વારા 'ઊર્જા સંરક્ષણ રેલી-૨૦૧૩' તા. ૧૯મી ફેબ્રુઆરી-૨૦૧૩ના રોજ યોજાશે.

ઊર્જા મહારેલીમાં ગાંધીનગર જિલ્લાની બાલ ઊર્જા રક્ષક દળ કાર્યક્રમ સાથે સંકળાયેલી ૨૦૧ શાળાઓ પૈકી દરેક શાળામાંથી ૨૫ ઊર્જા રક્ષકો ભાગ લેશે. રેલીમાં મહારાણા પ્રતાપ વિદ્યામંદિર, સેક્ટર-૨૭ થી શરૂ થઈ સેક્ટર-૨૪ સર્કલ, આરાધના સ્કૂલ, સેક્ટર-૨૮ થી, સેક્ટર-૨૭માં ફરી પરત આવશે. સમગ્ર રેલીમાં વિદ્યાર્થીઓ કેપ, બેન્ડ, પ્લે કાર્ડ, ફ્લેગ, બર્નર વગેરે લઈને ઊર્જા બચતના સૂત્રો પોકારીને ગાંધીનગરના માર્ગોમાં ઊર્જા પ્રત્યે જાગૃતતા લાવવા પ્રયત્ન કરશે. આ રેલીનું પ્રસ્થાન રાજ્ય કક્ષાના ગૃહ વિભાગના મંત્રી રજનીભાઈ પટેલ કરાવશે. અતિથિ વિશેષ તરીકે ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય અશોકભાઈ પટેલ તેમજ ગાંધીનગર દક્ષિણનાં ધારાસભ્ય શંભુજી ઠાકોર ઉપસ્થિત રહેશે. નિસર્ગ સાયન્સ સેન્ટરનાં મેનેજીંગ ટ્રસ્ટી અનિલભાઈ પટેલ તેમજ મહારાણા પ્રતાપ વિદ્યામંદિર સેક્ટર-૨૭ના આચાર્યા પદ્માબેન પટેલ ખાસ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપશે. રેલીમાં ગાંધીનગરના પ્રબુદ્ધ નાગરિકોને જોડાવા માટે નિસર્ગ સાયન્સ સેન્ટરનાં કો-ઓર્ડીનેટર હાર્દિક મકવાણા દ્વારા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

આજે શ્રવણબંધુ સન્માન સમારંભ યોજાશે

સમાજના ૧૬ સજ્જનોને શ્રવણબંધુ એવોર્ડથી સન્માનાશે

ગાંધીનગર, તા. ૧૬

અખિલ ભારતીય નાગર પરિષદ અને નાગર મિત્રના સંયુક્ત ઉપક્રમે આજે તા. ૧૭મી ફેબ્રુઆરી-૨૦૧૩ને રવિવારે સાંજે ૫ કલાકે શ્રવણબંધુ સન્માન સમારંભ યોજાશે.

સમાજના જે સજ્જને ૨૦ વર્ષ ઉપરાંત પોતાના માતા-પિતા અથવા સાસુ-સસરાની સેવા કરી છે તેવા શ્રવણ પુત્ર-પૂત્રવધૂને અખિલ ભારતીય નાગર પરિષદના રાષ્ટ્રીય અધ્યક્ષ રજનીકાંતભાઈ મહેતાના શુભહસ્તે શ્રવણબંધુ એવોર્ડ આપી સન્માનીત કરવામાં આવશે. શ્રવણ બંધુ સન્માન સમાજના સજ્જનપુત્ર રાજેન્દ્રભાઈ ભટ્ટ, રાજેશભાઈ મહેતા, મલેશભાઈ મહેતા, ડો. કમલ આર. જાની, નીતિનભાઈ મહારાજા, અશ્લેશ મહેતા, મયંક મહેતા, મુકેશ પંડ્યા, જનાર્દન મહેતા, સ્નેહલભાઈ મહેતા, તુષાર રતિલાલ મહેતા, નિલેન્દુભાઈ વોરા, અરવિંદકુમાર જહા, ગિરીશચંદ્ર રાવલ, અજય સત્યેન્દ્રપ્રસાદ દેસાઈ અને સસિત ભૂપતરાય ભટ્ટને આપી સન્માનીત કરવામાં આવશે.

આર્ટ ઓફ લીવીંગ દ્વારા ૧૯મીથી બેઝીક કોર્ષનો પ્રારંભ થશે

ગાંધીનગર, તા. ૧૬

આર્ટ ઓફ લીવીંગ, ગાંધીનગર દ્વારા ૧૮ વર્ષથી મોટા લોકો માટે બેઝીક કોર્ષનું તા. ૧૯મી ફેબ્રુઆરી-૨૦૧૩ થી ૨૪મી ફેબ્રુઆરી-૨૦૧૩ દરમિયાન આયોજન કરવામાં આવ્યું છે. જેમાં સુદર્શન ક્રિયા, પ્રાણાયામ, યોગ, રમતગમત જેવા પાસાઓ દ્વારા મનની શક્તિ, એકાગ્રતા, તંદુરસ્તી ખિલવવાનો પ્રયાસ કરવામાં આવશે.

પરમ પૂજ્ય શ્રી શ્રી રવિશંકરજી પ્રેરિત સંસ્થા દ્વારા ૧૮ વર્ષથી મોટા લોકો માટે બેઝીક કોર્ષનું આયોજન તારીખ ૧૯ થી ૨૪ ફેબ્રુઆરી-૨૦૧૩ સુધી સવારે ૬.૦૦થી ૯.૦૦ અને સાંજે ૬.૩૦ થી ૯.૩૦, શુકન સિલ્વર, કુડાસણ ખાતે અને સાંજે ૬.૩૦ થી ૯.૩૦ બીજો માળ, મેઘ મલ્હાર કોમ્પલેક્ષ, સેક્ટર-૧૧ ખાતે રાખવામાં આવ્યું છે. આ શિબિરમાં સુદર્શન ક્રિયા, પ્રાણાયામ, યોગાસન, સરળ ધ્યાન, સારી ખરાબ આદતોની ચર્ચાઓ, શ્વાસોશ્વાસની ક્રિયાઓ, જવાબદારીને સમજવાની જાગૃતિ, રમતગમત જેવા પાસાઓ દ્વારા જીવનનો સુમેળ સાધવાનો સમાવેશ કરવામાં આવશે. આ શિબિર થકી તનાવમુક્તિ, આત્મવિશ્વાસ, યાદશક્તિ, ગ્રહણશક્તિ, માનસિક શાંતિ, એકગ્રતા, તંદુરસ્તી, આંતરિક વિકાસ અને વક્તૃત્વ શક્તિ ખીલે છે. આ શિબિરમાં રજીસ્ટ્રેશન માટે સ્થળ પર અથવા સુરેશભાઈ - ૯૪૨૬૩૦૦૩૦૩ સંપર્ક કરવો એમ પ્રશિક્ષક સુરેશ પરમારે જણાવ્યું છે.

આજે રોટરી હોલ, કલોલ ખાતે પુસ્તક મેળો યોજાશે

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર જિલ્લાના કલોલની હોલી ચાઈલ્ડ સ્કૂલ અને રોટરી કલબના ઉપક્રમે આજે તા. ૧૭મી ફેબ્રુઆરી-૨૦૧૩ને સવારે ૯.૩૦ થી સાંજે ૭.૩૦ કલાક દરમિયાન રોટરી હોલ, કોલેજ સામે, કલોલ, જિલ્લો ગાંધીનગર ખાતે પુસ્તક મેળાનું આયોજન કરવામાં આવ્યું છે.

વિદ્યાર્થીઓ અને યુવાનોમાં શિષ્ટ વાંચનના પ્રચાર-પ્રસારાર્થે હોલી ચાઈલ્ડ સ્કૂલ અને રોટરી ક્લબ, કલોલના સંયુક્ત ઉપક્રમે આજે સવારે ૮.૩૦ કલાકે રોટરી હોલ ખાતે પુસ્તક મેળાનો ઉદ્‌ઘાટન કાર્યક્રમ યોજાશે. જાણીતા કવિ અને ગઝલકાર હર્ષ બ્રહ્મભટ્ટના હસ્તે પુસ્તક મેળાનું ઉદ્‌ઘાટન થશે. આ પ્રસંગે મહેમાનના વિચાર-વક્તવ્યનો લાભ લેવા તથા સ્વવિકાસ માટે જરૂરી એવા શ્રેષ્ઠ પુસ્તકો ખરીદવાનો લાભ લેવા ખાસ નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

વિવેકાનંદજીના કેળવણી વિષયક વિચારો પર વક્તવ્ય યોજાયું

ગાંધીનગર, તા. ૧૬

સ્વામી વિવેકાનંદજીની ૧૫૦મી જન્મ જયંતિની ઉજવણીના ભાગરૂપે ગુજરાત યુનિવર્સિટીની એકેડેમિક સ્ટાફ કોલેજ ખાતે તાજેતરમાં વિવેકાનંદના કેળવણી વિષયક વિચારો વિષય પર એક પ્રવચનનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં વિવિધ કોલેજોના આચાર્યો અને અધ્યાપકો ખાસ હાજર રહ્યા હતા અને પ્રશ્નોત્તરીમાં ભાગ લઈ વિશેષ માહિતી મેળવી હતી.

રામકૃષ્ણ વિવેકાનંદ કેન્દ્ર ગાંધીનગરના અધ્યક્ષ રજનીકાંત ભટ્ટે સ્વામીજીના જીવનના વિવિધ પ્રસંગો રજૂ કરીને પછી સ્વામી વિવેકાનંદની કેળવણી વિષયક ફિલસૂફી સુપેરે સમજાવતા જણાવ્યું હતું કે કેળવણીનો સાર મનની એકાગ્રતાની પ્રાપ્તિ છે. મનુષ્યમાં અંતર-નિહિત પૂર્ણત્વને પ્રગટ કરે તેનું નામ કેળવણી તેમ ભટ્ટે જણાવ્યું હતું.

કેળવણી દ્વારા ચારિત્ર્યનું નિર્માણ થવું જોઈએ, મનની શક્તિઓનો વિકાસ થવો જોઈએ, બુદ્ધિની ક્ષિતિજો વિસ્તરવી જોઈએ અને વ્યક્તિ પોતાના પગ પર ઉભો રહી શકે તેવી કેળવણીની આપણને જરૂર છે, તેમ રજનીકાંત ભટ્ટે ભારપૂર્વક જણાવ્યું હતું. આ કાર્યક્રમમાં વિવિધ કોલેજોના આચાર્યો, અધ્યાપકો વગેરે હાજર રહ્યા હતા. કાર્યક્રમના અંતે પ્રશ્નોત્તરી રાખવામાં આવી હતી.

વેદ ઈન્ટરનેશનલ સ્કૂલમાં સુંદરકાંડના પાઠ યોજાશે

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર શહેરના કામેશ્વર કેમ્પસમાં આવેલી વેદ ઈન્ટરનેશનલ સ્કૂલમાં તા. ૨૧મી ફેબ્રુઆરી ૨૦૧૩ને ગુરૂવારે સાંજે ૮.૩૦ કલાકે અશ્વિનભાઈ પાઠકની વ્યાસપીઠે સુંદરકાંડના પાઠ યોજાશે. ભક્તિભાવપૂર્ણ આ કાર્યક્રમમાં પધારવા વેદ પરિવારે ખાસ નિમંત્રણ પાઠવ્યું છે.

આંતર કોલેજ સ્પર્ધામાં વીપીએમપી પોલીટેકનિકના વિદ્યાર્થીઓ ઝળક્યા

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર શહેરના સેક્ટર-૧૫માં આવેલી વીપીએમપી પોલીટેકનિકના વિદ્યાર્થીઓએ ભોળાભાઈ પટેલ કોલેજ ઓફ કમ્પ્યૂટર સ્ટડીઝ, સેક્ટર-૨૩ દ્વારા યોજાયેલી વિવિધ આંતર કોલેજ સ્પર્ધામાં ભાગ લઈ પોતાનું કૌશલ્ય બતાવી એકથી ત્રણ નંબરો મેળવ્યા હતા.

શહેરની સેક્ટર-૧૫માં આવેલી વિપીએમપી પોલીટેકનીકના વિદ્યાર્થીઓએ ભોળાભાઈ પટેલ કોલેજ ઓફ કોમ્પ્યૂટર સ્ટડીઝ, સેક્ટર-૨૩ દ્વારા તા. ૭-૮-૯ ફેબ્રુઆરી દરમિયાન યોજાયેલી વિવિધ આંતર-કોલેજ સ્પર્ધામાં વિપીએમપીના ૪૪ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં સંસ્થાના હર્ષ ભટ્ટ, યશ રાવલ અને શ્રીલ છાટબાર ક્વીઝ સ્પર્ધામાં બીજા નંબરે, હીનલ પંચાલ વક્તૃત્વ સ્પર્ધામાં બીજા નંબરે અને કુશ પટેલ પોસ્ટર સ્પર્ધામાં બીજા નંબરે આવી સંસ્થાનું અને સર્વ વિદ્યાલય કેળવણીનું ગૌરવ વધાર્યું છે. કોલેજ પરિવારે વિજેતાઓને અભિનંદન પાઠવ્યા હતા.

CDC અને KCG દ્વારા એક દિવસીય કાર્યશિબિર યોજાઈ

ગાંધીનગર, તા. ૧૬

CDC (કેરિકયુલમ ડેવલોપમેન્ટ સેન્ટર) અને **KCG** (નોલેજ કોન્સોર્ટીસસ ઓફ ગુજરાત ગાંધીનગર)ના સંયુક્ત ઉપક્રમે યુનિવર્સિટીમાં ચાલતાં વિવિધ અભ્યાસક્રમોને વિશ્વસ્તરના બનાવવા એક દિવસીય કાર્યશિબિરનું આયોજન ગાંધીનગરના સેક્ટર-૧૫માં આવેલ કડી સર્વ વિશ્વવિદ્યાલય, એલ.ડી. આર.પી. કેમ્પસ હોલ ખાતે યોજાઈ ગઈ.

રાજ્ય સરકાર દ્વારા **CDC** (કેરીકયુલમ ડેવલોપમેન્ટ સેન્ટર)ની સ્થાપના કરવામાં આવી છે. જેના દ્વારા યુનિવર્સિટીમાં ચાલતાં વિવિધ અભ્યાસક્રમોને વિશ્વસ્તરના બનાવવા માટે રાજ્યની તમામ યુનિવર્સિટીઓના વિષય નિષ્ણાંતો માટે એક દિવસીય કાર્યશિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં રાજ્યનામાંથી વિવિધ વિષયોના ૨૦૦થી વધુ અધ્યાપકો ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે ડૉ. રવીન્દ્રભાઈ દવે દ્વારા તમામ તજજ્ઞોને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. રાજ્યમાં અમલમાં આવેલ **CBCS** (ચૉઈસ બેઈઝ ક્રેડીટ સિસ્ટ) અનુસાર કેવા અભ્યાસક્રમોનું ઘડતર થઈ શકે. તે વિશે ઉચ્ચશિક્ષણ કમિશ્નર ડૉ. શ્રીમતી જયંતી રવી દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

કાર્યશિબિરમાં **CDC** અંતર્ગત ૨૩ જેટલા કોર વિષયોમાં કેરિકયુલમ અંગે કામગીરી વિશે ઊંડાણ પૂર્વક ચિંતન કરવામાં આવ્યું હતું. આ સાથે **CBCS** પદ્ધતિ અનુસાર સમાવિષ્ટ તમામ અભ્યાસક્રમોને લર્નિંગ આઉટકમ ઓરિએનટેડ ઢાંચા અનુસાર મુકવામાં આવ્યા છે. અભ્યાસક્રમો માટે એક ટેમ્પલેટ તૈયાર કરવામાં આવ્યું છે. જેમાં કોર્ષ આઉટ લાઈન, કોર્ષ કંટેન્ટ, કોર્ષ ઓપજેકટીવ, ટીચીંગ મેથેડોલોજી, પરીક્ષા પદ્ધતિ તથા સ્ટુડન્ટ લર્નિંગ, આઉટકમ, વગેરે બાબતોને દર્શાવવામાં આવ્યા હતાં. આ કાર્યશિબિર દ્વારા શિક્ષણ પ્રણાલી વિદ્યાર્થી કેન્દ્રી બને એવા પ્રયાસો કરવામાં આવ્યા હતાં.

આ કાર્ય શિબિરમાં રાજ્યની વિવિધ યુનિવર્સિટીમાંથી કુલપતિ કમલેશ જોશીપુરા, મહેન્દ્ર પાડલીયા, ડૉ. હરીશ પાઢ, ડૉ. દક્ષેશ ઠાકર તથા જતીનભાઈ સોની વિશેષ ઉપસ્થિત રહ્યાં હતાં.

ગ્રંથ સપ્તક પુસ્તકોત્સવ ૨૨મીએ યોજાશે

ગાંધીનગર, તા. ૧૬

શ્રી એચ.કે. આર્ટસ કોલેજ, પ્રાકતની અને રન્નાદે પ્રકાશનના સંયુક્ત ઉપક્રમે ગ્રંથસપ્તક અંતર્ગત ડૉ. અશોક ચાવડા 'બેદિલ'ના સાત પુસ્તકોનો વિમોચન કાર્યક્રમ તા. ૨૨મી ફેબ્રુઆરી-૨૦૧૩ને શુક્રવારે સાંજે ૬ કલાકે શ્રી એક. કે. આર્ટસ કોલેજ સી.સી. હોલ, આશ્રમ રોડ, અમદાવાદ ખાતે યોજાશે.

ડૉ. અશોક ચાવડાના ગ્રંથસપ્તકમાં 'પગલાં તળાવમાં,' 'પગરવ તળાવમાં,' 'તું કહું કે તમે ?', 'પીટ્યો અશ્કા,' 'ગઝલિસ્તાન', 'ડાળખીથી સાવ છૂટા' અને 'શબ્દોદય' પુસ્તક પ્રાગટ્ય કાર્યક્રમ યોજાશે. આ પ્રસંગે પ્રિ. સુભાષ ભ્રહ્મભટ્ટ ડૉ. ધીરૂ પરીખ, પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ ખાસ ઉપસ્થિત રહેશે. આ પ્રસંગે કવિ સંમેલનમાં ડૉ. ચિતુ મોદી, ડૉ. રાજેશ મિસ્કીન, તુષાર શુકલ, પ્રીતિસેન ગુપ્તા, કૃષ્ણ દવે, મધુસુદન પટેલ. ચંદ્રેશ મકવાણા, ડૉ. અશોક ચાવડા, ભાવેશ ભટ્ટ, અનિલ ચાવડા, શૈલેષ પંડ્યા ખાસ હાજરી આપશે.

TAT/TET/RMSA અંતર્ગત શિક્ષકોને પરીક્ષાઓ માટે ઉપયોગી પ્રશ્નોત્તર

સામાન્ય જ્ઞાન કસોટી-૪

(ગતાંકથી આગળ...)

(૨૬) વર્ગમાં ગેરહાજરીનું પ્રમાણ નીચેનાં દ્વારા ઘટાડી શકાય?
(ક) વિદ્યાર્થીને એવું કહી ને કે વર્ગમાં ગેરહાજર રહેવું તે બરાબર નથી
(ખ) વિદ્યાર્થીને વર્ગમાં સજા કરીને
(ગ) નિયમિત અને અસરકારક શિક્ષણ દ્વારા
(ઘ) ગેરહાજરીના પ્રમાણની અવગણના કરીને

(૨૭) વિદ્યાર્થી એવા શિક્ષક પાસેથી વધારે શીખી શકે છે કે જે -
(ક) સજ્જન હોય
(ખ) સખત કડક હોય
(ગ) જે પોતાના વિચારો સ્પષ્ટ રીતે અને બારીકાઈથી વ્યકત કરી શકતો હોય
(ઘ) લાગણીશીલ હોય

(૨૮) તમે વર્ગખંડમાં છો. બે વિદ્યાર્થી અંદરોઅંદર ઝઘડે છે, તમે શું કરશો?
(ક) તેમને વર્ગમાં સજા કરશો
(ખ) તમે તેમને ધમકાવશો
(ગ) આચાર્ય પાસે તેમને લઈ જશો
(ઘ) તેમને શાંત કરી ઝઘડાનું કારણ જાણી સમજાવશો.

(૨૯) તમારા મતે વર્ગખંડમાં પ્રભાવી પ્રત્યાયનની વિધિ શું છે?
(ક) લાઉડ સ્પીકરનો ઉપયોગ કરવો
(ખ) વિવિધ શૈક્ષણિક સાધનોનો ઉપયોગ કરવો
(ગ) મોટા અવાજે બોલીને રજૂઆત કરવી
(ઘ) અસરકારક વક્તવ્ય આપવું

(૩૦) એક વિદ્યાર્થી શાળામાં ઘણીવાર મોડો આવે છે તો તમે શું કરશો?
(ક) વર્ગમાં મોડો આવવાનું કારણ પૂછશો
(ખ) વર્ગમાં ઊભો રાખશો
(ગ) વર્ગમાં પ્રવેશ ન આપવો.
(ઘ) આચાર્ય પાસે મોકલશો

(૩૧) તમે ઉત્સાહી શિક્ષક છો, શાળાના વિપરીત સંજોગો તમને મદદ કરતા નથી. તમે શું કરશો?
(ક) તમે સંચાલક મંડળને સંજોગો સુધારવા જણાવશો
(ખ) પ્રયત્નો ચાલુ રાખશો અને ઉકેલની રાહ જોશો
(ગ) મને-કમને કામ કરતા રહેશો
(ઘ) તમે પ્રશ્નોના ઉકેલનો વિચાર જ નહિ કરો

(૩૨) સાથી શિક્ષક તમને હેરાન કરે કે ટોણા મારે છે તો
(ક) તમે સામે એવું વર્તન કરશો
(ખ) તેની અવગણના કરશો
(ગ) અન્ય શિક્ષકો સામે તેને ઉતારી પાડશો
(ઘ) સજાગ રહીને તેના એવા પ્રયત્નોને નકામા બનાવશો

(૩૩) શાળામાં રમતગમતનાં સાધનો નથી, તમે વ્યાયામ શિક્ષક તરીકે...
(ક) ઉપરી વડાને સામગ્રી કે સાધનો ખરીદવા જણાવશો
(ખ) તમારો ટ્રેઈનીંગ આપવાનો પ્રોગ્રામ બંધ કરશો
(ગ) ઉચ્ચ અધિકારી કે સંચાલકને જાણ કરશો
(ઘ) શાળાના આચાર્ય વિરૂધ્ધ વિદ્યાર્થીઓને ઉશ્કેરશો

(૩૪) તમારા આચાર્ય કારણ વગર તમારા પર ગુસ્સો થયા હો ત્યારે...
(ક) તેમના પરવા નહિ કરો
(ખ) તેમની સામે ફરિયાદ કરશો
(ગ) તેમની શંકા દૂર કરવા પ્રયત્ન કરશો
(ઘ) તેમના વિરૂધ્ધ સ્ટાફરૂમમાં વાતાવરણ ઊભું કરશો

(૩૫) એક સફળ શિક્ષક તે છે જે નીચેના બાબત પ્રત્યે સક્ષમ છે?
(ક) સમયથી પહેલાં પોતાના વિષયનો અભ્યાસક્રમ પૂરો કરે
(ખ) વર્ગનું પરીક્ષાનું રિઝલ્ટ તૈયાર કરે
(ગ) સારી નોટબુકો તૈયાર કરાવે
(ઘ) વિદ્યાર્થીઓને શીખવા માટે પ્રેરિત કરે અને તેમને મદદ કરે

(૩૬) શિક્ષક સામે સૌથી મહત્ત્વપૂર્ણ પડકાર કયો છે?
(ક) વર્ગમાં શિસ્ત ઊભી કરવી
(ખ) પ્રશ્નપત્ર તૈયાર કરવું
(ગ) વિદ્યાર્થીઓનું ગૃહકાર્ય તપાસવું
(ઘ) અધ્યાપન પ્રક્રિયા રસરૂચિભરી બનાવવી

(૩૭) શિક્ષકે શિક્ષણકાર્ય રસપ્રદ કે જીવંત બનાવવા માટે
(ક) વિદ્યાર્થીઓ સંપર્ક વધારવો જોઈએ
(ખ) વિદ્યાર્થીઓ સાથે વધુ મિત્રતા કેળવવી જોઈએ
(ગ) અસરકારક વર્ગવ્યવહાર કરવો જોઈએ
(ઘ) વિદ્યાર્થીને પોતાના ખર્ચે ઈનામો આપવાં જોઈએ

(૩૮) શિક્ષક પોતાના શિક્ષણકાર્યનું મૂલ્યાંકન કરવા શીખવતા શીખવતાં...
(ક) વર્ગમાં રમૂજ કરે છે
(ખ) બેધ્યાન વિદ્યાર્થીઓની ટીકા કરે છે
(ગ) નબળા બાળકને સજા કરે છે
(ઘ) શીખવેલી બાબતોને લગતા પ્રશ્નો પૂછે છે

(૩૯) વિદ્યાર્થીનું સારી રીતે મૂલ્યાંકન કરવાની સાચી પધ્ધતિ કઈ?
(ક) વાર્ષિક પરીક્ષા
(ખ) વર્ષમાં ત્રણ વાર પરીક્ષા
(ગ) શીખવ્યા પછી તરત મૂલ્યાંકન
(ઘ) અનાત્મલક્ષી પ્રશ્નપત્રોવાળી પરીક્ષા

(૪૦) વર્ગમાં વિદ્યાર્થીઓમાં પ્રામાણિકતાનો ગુણ ખીલવી શકાય જો...
(ક) અપ્રમાણિક વિદ્યાર્થીને કડક સજા કરવામાં આવે
(ખ) પ્રામાણિકતાનું મહત્ત્વ ભારપૂર્વક સમજાવવામાં આવે
(ગ) પ્રામાણિક વિદ્યાર્થીને ઈનામ આપવામાં આવે.
(ઘ) વર્ગમાં પ્રામાણિકત અને સફળ વ્યક્તિઓનાં પ્રેરક ઉદાહરણો ને પ્રસંગો કહેવામાં આવે

(૪૧) સારૂં શિક્ષણ કઈ બાબતોનું પરિણામ છે?
(ક) શિક્ષકોની વ્યવસાય પ્રત્યેની નિષ્ઠા
(ખ) શિક્ષકોની વિદ્વતા
(ગ) આચાર્યનું શક્તિશાળી નેતૃત્વ
(ઘ) શિક્ષકોની ઉચ્ચ લાયકાત

(૪૨) વિદ્યાર્થીનું આક્રમક વર્તન સુધારવા તમે કયો ઉપાય અજમાવશો?
(ક) વિદ્યાર્થીને થોડો સમય એકલો રાખવો
(ખ) તેને ઉચિત શિક્ષા કરવી
(ગ) તેના આક્રમક વર્તન પાછળનાં કારણો શોધી નિવારવાં.
(ઘ) તેની અળગણના કરવી

(૪૩) વિદ્યાર્થીઓ માટે શિક્ષક તરીકે કઈ ધારણાને તમે સાચી ગણશો?
(ક) બધા વિદ્યાર્થીઓ એકસરખી રીતે શીખે છે
(ખ) વ્યક્તિગત ભિન્નતાને કારણે વિદ્યાર્થીઓની શીખવાની ગતિ જુદી જુદી હોય છે
(ગ) કેટલાક વિદ્યાર્થીઓ નવું શીખવા તૈયાર જ નથી
(ઘ) મોટા ભાગના વિદ્યાર્થીઓ આળસુ છે

(૪૪) એક શિક્ષક તરીકે તમે પૂછેલાં પ્રશ્નનો કઈ વિદ્યાર્થી ખોટો ઉત્તર આપે ત્યારે તમે શું કરશો?
(ક) તે વિદ્યાર્થીને ઠપકો આપીશ
(ખ) તે વિદ્યાર્થીને બેસાડી દઈશ
(ગ) અન્ય વિદ્યાર્થી પાસેથી સાચો ઉત્તર મેળવી તેનું પેલા વિદ્યાર્થી પાસે પુનરાવર્તન કરાવીશ
(ઘ) બીજો પ્રશ્ન પૂછીશ

(૪૫) જો કોઈ વિદ્યાર્થી વર્ગમાં વારંવાર પ્રશ્નો પૂછે તો તમે શું કરશો?
(ક) તેને આવા પ્રશ્નો ન પૂછવા એવી સૂચના આપીશ
(ખ) તેના પર ગુસ્સો થઈ આવું વર્તન ન કરવા કહીશ
(ગ) તેના વાલીને બોલાવી જણાવીશ કે તે વર્ગમાં ખલેલ પહોંચાડે છે.
(ઘ) તેના પ્રશ્નના સાચા ઉત્તર આપી તેને પ્રોત્સાહીત કરીશ

(૪૬) જો વર્ગખંડમાં વિદ્યાર્થીઓ ઘોઘાંટ કરતાં હોય તો શિક્ષકે...
(ક) થોડો સમય શાંત રહીને પછી આગળ વધવું
(ખ) વિદ્યાર્થીઓને શિક્ષા કરવી જોઈએ
(ગ) કંઈ ધ્યાન આપવું જોઈએ નહીં
(ઘ) ઘોઘાંટ કરનાર વિદ્યાર્થીઓનાં નામ લખી તેમનાં વાલીને જાણ કરવી

(૪૭) જો તમારા વર્ગમાં વિદ્યાર્થીઓ કોઈ મુદ્દે સમજી શકતા ન હોય તો તમે શું કરશો?
(ક) વિષયવસ્તુ કે મુદ્દાને સરળ ને સહેલા બનાવી દો
(ખ) તેમને પ્રોત્સાહિત કરી ફરી સમજાવો
(ગ) ઉદાહરણો વડે સમજાવો
(ઘ) ઉપરની તમામ ટેકનિક કામે લગાડો.

(૪૮) તમારા વર્ગના વિદ્યાર્થીઓનું ધ્યાન ખેંચવા માટે અને તેને જાળવી રાખવા માટે કયો ઉપાય ઉત્તમ રહેશે?
(ક) તેમને પ્રવૃત્તિમાં રોકાયેલા રાખવા.
(ખ) આખા વર્ગને પરિણામો અંગે ચેતવવા
(ગ) તોફાની વિદ્યાર્થીઓને બહાર નીકળી જવા માટે કહેવું
(ઘ) તેમને યોગ્ય રીતે બેસવા માટે જણાવવું.

(૪૯) દૃશ્ય-શ્રાવ્ય સાધનોનો ઉપયોગ શિક્ષકોના અધ્યાપન કાર્યને કેવું બનાવે છે?
(ક) ઝડપી
(ખ) સરળ-સહેલું
(ગ) રસપ્રદ અને અસરકારક
(ઘ) વધુ જ્ઞાન સભર

(૫૦) સતત અને શાળાકીય સર્વગ્રાહી મૂલ્યાંકન -
(ક) ગોખણપટ્ટીને પ્રોત્સાહીત આપે છે
(ખ) અભ્યાસની ટેવને ઉત્તેજન નથી આપતું
(ગ) વિદ્યાકીય અને સહવિદ્યાકીય અધ્યયનને વિકસાવે છે
(ઘ) ઉપરની તમામ બાબતો

ઉત્તરો :

(૨૬) ગ (૨૭) ગ (૨૮) ઘ (૨૯) ખ (૩૦) ક (૩૧) ખ (૩૨) ઘ (૩૩) ક (૩૪) ગ (૩૫) ઘ (૩૬) ઘ (૩૭) ગ (૩૮) ઘ (૩૯) ગ (૪૦) ઘ (૪૧) ક (૪૨) ગ (૪૩) ખ (૪૪) ગ (૪૫) ઘ (૪૬) ક (૪૭) ઘ (૪૮) ક (૪૯) ગ (૫૦) ગ

(પૂર્ણ)

- રૂપલ એચ. શાહ, (એમ.એ.બી.એડ્)
શિક્ષિકા : સર્વ વિદ્યાલય કેમ્પસ, સે-૨૩, ગાંધીનગર